જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૧૦/૨૦૧૬ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૧૭/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી ૧૧૨ લીટર દેશી દારૂ, ૨૦૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪૦ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૧૨૦ બિયર ટીન, ૦૧ કાર અને ૧ મોટર સાયકલ કબજે કર્યું હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૯૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૧૮/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૦ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અને પાસા મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ખુનની કોશીશ :- સમાચાર યાદી નં.૧૯૧૯/૧૬

**ઇસનપુર** : ફિરોજભાઇ જલાલુદીન શેખ (ઉ.વ.૩૮)(રહે.નવાબ ચોક, અમ્મા મસ્જીદ સામે, ચંડોળા તળાવ, શાહઆલમ, ઇસનપુર) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૧૦/૧૬ નાં ૧/૦૦ વાગ્યાનાં સુમારે આરોપી (૧) અબ્દુલરફીક ઉર્ફે વેપારી સ/ઓફ અબ્દુલકયુમ શેખ (૨)અબ્દુલફારુક અબ્દુલકયુમ શેખ અને (૩) અબ્દુલબશીર અબ્દુલકયુમ શેખ (ત્રણેય રહે. નવાબ નગર અમ્મા મસ્જીદ સામે, ચંડોળા ઇસનપુર) નાઓના ઘર આગળથી ફીરોજભાઇ તથા તેમનાં ભાઇ મહેબુબભાઇ નાઓ પસાર થતા હતા ત્યારે ત્રણેય આરોપીઓએ તેઓના ઘર આગળથી નહીં નીકળવા બાબતે ફિરોજભાઇ સાથે બોલાચાલી ઝઘડો કરી, ફિરોજભાઇનાં ભાઇ મહેબુબને અબ્દુલરફીક ઉર્ફે વેપારી તથા અબ્દુલબશીર નાઓએ તેઓની પાસેની છરી વડે મહેબુબના ગળાના ભાગે ઘા મારી, ગંભીર પ્રકારની જીવલેણ ઇજાઓ પહોંચાડી તેમજ અબ્દુલફારુકે લાકડાના ડંડાથી પાસળીના ભાગે ઇજા પહોંચાડી ફિરોજભાઇનાં ભાઇ મહેબુબનું મૃત્યુ નીપજાવવાની કોશીશ કરી હતી. જે મહેબુબભાઇને સારવાર માટે સીવીલ હોસ્પિટલ ખાતે દાખલ કરેલ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.એન.પંડ્યા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**અપહરણ :-** **સમાચાર યાદી નં.૧૯૨૦/૧૬**

**સેટેલાઇટઃ** પ્રગ્નેશ હશમુખલાલ શાહ (રહે, એલ કોલોની, પોસ્ટ ઓફીસ પાછળ, સેટેલાઇટ) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૧૦/૧૬ નાં ૬/૦૦ થી બપોરનાં ૧/૦૦ વાગ્યા દરમ્યાન ઘર નજીકથી પોતાની પુત્રી સાક્ષી (ઉ.વ.૧૬) ને કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.યુ.મશી ચલાવે છે.

**મેઘાણીનગરઃ** સુનીતાબહેન વા/ઓ રમેશભાઇ પ્રજાપતિ (રહે, જ્યોતિનગર દર્શન સોસાયટી, પુજા હોસ્પીટલ બાજુમાં, મેઘાણીનગર) એ તા.૧૯/૧૦/૧૬ નારોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૧૦/૧૬ રાતનાં ૮/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી શંકર મારવાડી (રહે,મનશોર પોપલીયા મઢી, મધ્યપ્રદેશ) સુનીતાબહેનની પુત્રી મિસ્કાન (ઉ.વ.૧૬) ને લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.એસ.પુનડીયા ચલાવે છે.

**રામોલઃ** વિમળાબહેન વા/ઓ શ્રીપાલ યાદવ (રહે. વૃંદાવન સોસાયટી, જામફળ વાડી રામોલ) એ તા.૧૯/૧૦/૧૬ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૧૦/૧૬ ના કલાક ૧૧/૪૫ થી ૧૨/૩૦ વાગ્યા દરમ્યાન ઘર નજીકથી આરોપી સરજુ ઉર્ફે સુરજરામ સુરેશચંદ્ર યાદવ (રહે. ઇશ્વરપુરા તા.ઇટાવા જી.મેનપુરી ઉત્તરપ્રદેશ) તેના સાગરીતોની મદદગારીથી વિમળાબહેનની પુત્રી વર્ષાબહેન (ઉ.વ.૧૭) ને લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.આઈ.સોલંકી ચલાવે છે.

**સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૧૯૨૧/૧૬**

**વસ્ત્રાપુર** : કવિતાબહેન રજનીકાંતભાઇ મેર (ઉ.વ.૪૦) (રહે. શાયોના સીટી વિભાગ-૩ ચાણક્યપુરી ઘાટલોડીયા) તા.૧૯/૧૦/૧૬ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે સુરધારા સર્કલ નજીકથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ (૩૦ વર્ષના આશરાના) બે પુરૂષ કવિતાબહેનના ગળામાંથી સોનાના મંગળસુત્રનુ પેન્ડલ કિમત રૂપિયા ૧૫,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કવિતાબહેન મેર એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જે.ચાવડા ચલાવે છે.

**મણીનગરઃ** દિપાલીબહેન મનિષભાઈ જૈન (ઉં.વ.૨૫) (રહે. ચંદ્રમણી એપાર્ટમેન્ટ જગાભાઈપાર્ક, મણીનગર) તા.૧૮/૧૦/૧૬ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે એલ.જી.ગ્રાઉન્ડ સામે, ઈટાલીયન પીઝાની દુકાન નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ (૨૭ થી ૨૮ વર્ષના આશરાનો) એક પુરૂષ દિપાલીબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ દિપાલીબહેન જૈને મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.તેજોત ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

<u>આત્મહત્યાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૯૨૨/૧૬</u>

**શહેરકોટડા** : ભરતભાઇ પરષોત્તમભાઇ વાઘેલા (ઉ.વ.૨૯)(રહે.લાઇન નં.૧૦, પ્રેમનગર લાઇન નં.૧ ની સામે, આંબેડકરનગર) ઘણા સમયથી કામ ધંધો કરતા ના હોય, બેકારથી કંટાળી જઇ તા.૧૭/૧૦/૧૬ ના કલાક ૧૦/૦૦ વાગ્યાનાં સુમારે પોતે પોતાના ઘરે કોઇ દવા પી લઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ અળખાજી ચલાવે છે

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)